(Posted & Published on 5th day of Each Month)

દર મહિનાની '૫' તારીખે પ્રકાશિત

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

1

જાન્યુઆરી - ૨૦૨૬

RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

(ગુજરાતી માસિક)


## VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૧ ★ વર્ષ-૭૭ ★ માસ : પોષ-મહા ★ સંવત-૨૦૮૨★તા. ૫-૧-૨૦૨૬

વાર્ષિક લવાજમ રૂા.૫૦ ★ છુટક નકલ રૂા. ૫=૦૦

સંપાદક : કીર્તન દીક્ષિત    તંત્રી : જયપ્રકાશ શુકલ



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

## તા. ૨૯-૧૧-૨૦૨૫ના રોજ નડિયાદ મુકામે મળેલ કારોબારી મિટીંગની લાક્ષણિક તસ્વીરો


















સ્વ. મુકેશભાઈ જયંતિલાલ અધ્વર્યુની પૂણ્ય સ્મૃતિમાં

આ અંકના પ્રાયોજક - સ્પોન્સરર

ક્રિષ્નાબેન મુકેશભાઈ અધ્વર્યુ તથા પરિવાર

### વ્હાલા પપ્પાને શ્રદ્ધાંજલિ

## સ્વ. મુકેશભાઈ જયંતિલાલ અધ્વર્યુ



પપ્પા,

આજે જ્યારે હું તમારી યાદોમાં ડૂબી જાઉં છું ત્યારે આંખો ભીની તો થાય છે, પરંતુ હૃદય ગર્વથી છલકાઈ પણ જાય છે. તમારા જેવી પવિત્ર, નિષ્કપટ અને કરુણાસભર આત્મા આ દુનિયામાં દુર્લભ છે. હું પોતે ભાગ્યશાળી છું કે મને તમારા જેવી મહાન વ્યક્તિના સંતાન થવાનું સન્માન મળ્યું. તમે માત્ર અમારા પરિવારના સ્તંભ જ નહોતા, પરંતુ દરેક માટે આશરો, આત્મવિશ્વાસ અને સ્નેહના સ્રોત હતા.તમારો સ્વભાવ એટલો સરળ, દયાળુ અને નિષ્કપટ હતો કે તમે દરેક માણસને ભગવાનના રૂપમાં જોયા. તમે જીવનભર "મદદ કરો, કોઈ પણ હોય" એ સિદ્ધાંતને સાચવ્યો. તમારા માટે કોઈ ગરીબ કે ધનિક નહોતો માત્ર માનવ હતો. આ માનવપ્રેમનો સંદેશ તમે વર્તનમાં જીવી બતાવ્યો.

તમારું સમગ્ર જીવન સેવા, સહયોગ, સમર્પણ અને પરિવારની એકતા પર આધારિત રહ્યું. આ ચાર શબ્દો માત્ર શબ્દો નહોતા તે તો તમારી ઓળખ, તમારો શ્વાસ અને તમારા જીવનનું ધર્મ હતું. તમે લોકો માટે શું કરી શકો, એ જ તમારી પ્રાથમિકતા હતી.

સરકારી નોકરીમાં હતા ત્યારે અને નિવૃત્તિ પછી તો ખાસ, તમે સમાજના દરેક વર્ગ માટે નિષ્ઠાપૂર્વક સેવા આપી. લોકોની સમસ્યાઓ સમજવી, શક્ય હોય ત્યાં સુધી તેમને મદદરૂપ થવું આ બધું તમે કોઈ ફરજ માનીને નહીં, પરંતુ હૃદયની મમતા અને કરુણાથી કરતા. તમારા આ સેવાભાવને કારણે લોકો આજે પણ તમને સ્મિત સાથે યાદ કરે છે.

ભારત વિકાસ પરિષદમાં તમારું યોગદાન તો અપ્રતિમ હતું. જોધપુર અને શેલા શાખાના પાયોનિયર તરીકે તમે તેમની રચના, વૃદ્ધિ અને કાર્યક્ષમતા પાછળ અવિરત મહેનત કરી.

એક કાર્યકરથી લઈને સચિવ અને પછી પ્રમુખ સુધીની સફરમાં તમે જે સમર્પણ બતાવ્યું તે સૌ માટે પ્રેરણાસ્રોત છે. તમે "સેવા અને માનવતા"ને માત્ર બોલ્યા નહિ તેને અમલમાં ઉતારીને હજારો લોકોના જીવનમાં પ્રકાશ ફેલાવ્યો. ભારત વિકાસ પરિષદમાં ગુજરાત મધ્ય પ્રાંત કમિટીના સભ્ય, અભ્યાસ વર્ગના મુખ્ય કાર્યકર અને સહસંયોજક તરીકે તમારી કુશળતા, સમજણ અને કાર્યક્ષમતા અનોખી હતી.

શેલા નગર ના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના માનનીય સંઘચાલક જી તરીકે પણ તમે સમાજના દરેક વર્ગને પ્રેમથી જોડ્યા લોકોને એક પરિવાર જેવી લાગણી આપી. તમે સમાજની એકતા અને સંસ્કૃતિને જાળવી રાખવા માટે અનેક કામગીરી નિભાવેલી.

પપ્પા, તમારો સૌથી મોટો માનવતાપૂર્ણ યોગદાન મેડિકલ સેવામાં હતું. ખાસ કરીને કોરોના સમયમાં, જ્યારે લોકો ડરી ગયા હતા, તમે પોતાનું આરામ અને સુરક્ષા ભૂલીને વૃદ્ધો, જરૂરિયાતમંદો અને દર્દીઓ માટે મેડિકલ સાધનો, દવાઓ, ઓક્સિજન અને જરૂરી વસ્તુઓની વ્યવસ્થા કરવા રાત-દિવસ મહેનત કરી. કદાચ ભગવાને તમને એ સમયે લોકો માટે જ મોકલ્યા હતા.

અને હા, પપ્પા તમારા હૃદયને સૌથી વધુ શાંતિ આપતું કાર્ય એટલે રક્તદાન જીવનદાન. આપે શ્રી સત્ય સાઈ સેવા સમિતિ અંતર્ગત સતત ૧૭ વર્ષથી આપણા ઘેર ચલાવતા બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા અન્યોને જીવનદાન આપ્યું છે. તમે અસંખ્ય જીવ બચાવ્યા, અસંખ્ય ઘરોમાં આશાનું કિરણ પ્રગટાવ્યુ છે.તમારા આ સેવા–યજ્ઞની અસર ક્યારેય ખતમ થવાની નથી. પપ્પા, અમારા માટે તો તમે હંમેશાં પ્રથમ નાયક હતા. તમે અમને જીવનમાં માનવતા શીખવી, ધર્મ શીખવ્યો, સંસ્કાર શીખવ્યા, અને સૌથી મહત્વનું પરમેશ્વર પ્રત્યેનું સમર્પણ અને આસ્થા શીખવી. તમે રોજિંદી વાતોમાં

પણ અમને આધ્યાત્મિકતા સમજાવી કે સારા કામ કરવાથી મન શુદ્ધ થાય છે અને સેવા કરવાથી ભગવાન મળ્યા જેવી અનુભૂતિ થાય છે. પપ્પા, તમે અમને શીખવ્યું કે જીવનનો સાચો અર્થ કેટલા વર્ષ જીવ્યા એ નથી; પણ કેટલા હૃદયો સ્પર્શ્યા એ છે. અને તમે તો અણગણિત હૃદયોને સ્પર્શીને ગયા છો.

હું અને ઈશાન  અમારું સૌભાગ્ય માનીયે છીએ કે અમારા બા - દાદાજી શ્રીમતી શારદાબેન અધ્વર્યુ અને શ્રી જયંતીલાલ અધ્વર્યુ પ્રત્યે નો આદર અને પ્રેમ તમે અમને સંસ્કારરૂપે આપ્યો. તમે શીખવ્યું કે વડીલો એ ઘરનું જીવંત મંદિર છે અને તેમની સેવા કરવી એ સૌથી મોટું પુણ્ય છે. આપના સેવા યજ્ઞમાં તથા ધાર્મિક યાત્રાઓમાં આપના પગલે પગલે ચાલી ને મારી મમ્મી ક્રિષ્નાબહેને ખરેખર સહધર્મચારિણી તરીકેની પોતાની ભૂમિકા ભજવી છે. જ્ઞાતિજનો સાથે કુળદેવી વલ્લભીપુર ની પદયાત્રા, ડાકોર ની પદયાત્રા તેમજ માનસરોવર ની આપની યાત્રા એકમેક ની શ્રદ્ધા ને પૂરક બનાવનારી હતી.જે કાયમ અમને યાદ રહેશે.

હિયાંશી અને પ્રાંશી માટે તમારો દાદા તરીકેનો પ્રેમ સદાય અમારી યાદોમાં ઝળહળતો રહેશે, દ્વિજાભાભી માટે આપેલું માર્ગદર્શન તેમના હૃદયમાં હંમેશા જીવતું રહેશે, જેનીશ આપના આશીર્વાદથી આપને આપેલ વચનો હંમેશા પાળશે. મીનેશકાકા અને રૈનાકાકીના સદાય વડીલ માર્ગદર્શક રહ્યા. ઝીલ–કથનને આપેલી તમારી શ્રેષ્ઠ શીખ જીવનભર યાદ આવશે.

હું, જાનકી, અને મારો ભાઈ ઈશાન, આજે પણ અમારા બાળપણની યાદોમાં તમને એ જ સ્નેહી પપ્પા તરીકે અનુભવીએ છીએ જેઓએ હાથ પકડીને ચાલતા શીખવ્યું, જેઓએ હસતા-હસતા જીવનની ગૂઢ વાતો સમજાવી, જેઓએ દરેક મુશ્કેલીમાં હિંમત અને બળ આપ્યું. દરેક મુશ્કેલીમાં પોઝિટિવ માઈન્ડસેટ સાથે કેવી રીતે આગળ વધવું તે તમે અમને બંનેને શીખવાડ્યું.

પપ્પાના પ્રેમ અને સન્માનથી, હું નાનપણમાં ક્લાસિકલ ડાન્સ  ભરતનાટ્યમ શીખી. પપ્પા ઈચ્છતા હતા કે હું ભારતીય પુરાતન કથાઓ અને મૂલ્યોને આ નૃત્ય દ્વારા સમજી શકું અને મારા જીવનમાં તેને પ્રવૃત્ત કરી શકું. તેમના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી મેં માત્ર નૃત્ય શીખ્યું નહીં, પરંતુ જીવનના મૂલ્યો પણ સમજ્યા અને તેમને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કર્યો. સિવિલ ઈન્જિનિયર બનવાની તમારી ઈચ્છા પણ મેં પુરી કરી અને તે હંમેશા મારા જીવનમાં યાદ રહેશે. આ માર્ગ પર આગળ વધતાં હું હંમેશાં તમારા આશીર્વાદ અને માર્ગદર્શનને યાદ કરતી રહીશ. પપ્પાની હંમેશાની ઈચ્છા હતી કે હું પીએચ.ડી. પૂર્ણ કરી ડૉક્ટરેટ ડિગ્રી મેળવીશ. આજે તેઓ મારી સાથે નથી, છતાં તેમની એ ઈચ્છા, તેમના શબ્દો અને આશીર્વાદ મારા દરેક પગલે સાથે છે. પપ્પા, તમારું એ સપનું પૂર્ણ કરવું હવે મારા જીવનનું સૌથી મોટું ધ્યેય છે તમારા માટે, તમારા ગર્વ માટે અને તમારા અડગ વિશ્વાસ માટે.

પપ્પા, તમે અમને શીખવ્યું કે, સારો માણસ બનવું સૌથી મોટું ધન છે. તમારું હૃદય એટલું વિશાળ હતું કે તેમાં કોઈ માટે પણ દ્વેષ કે ભેદભાવની જગ્યા ક્યારે નહોતી. ધીરજ, સત્યતા, પ્રમાણિકતા, ક્ષમાશીલતા આ બધું તમે શબ્દોમાં નહિં, પરંતુ તમારા જીવનના દરેક પળમાં અમને શીખવ્યું.

પપ્પા, આપની શારીરિક ગેરહાજરીનું દુઃખ અમને હર ક્ષણે થાય છે, પરંતુ તમારી આત્માની સુગંધ, તમારી શીખ અને તમારો આશીર્વાદ આજેય અમારા જીવનમાં દિશાસૂચક બનેલા છે.

અમે, હું જાનકી અને ઈશાન તમારા દરેક સંસ્કારને, દરેક મૂલ્યને અને દરેક પ્રેમભરી યાદનો હંમેશા હૃદયમાં સંભાળીને રાખીશું. તમારી વારસા સેવા, સંસ્કાર, સમર્પણ અને માનવતા આગામી પેઢી સુધી પહોંચે તે અમારો સંકલ્પ છે....

તમારી લાડકી..... જાનુ...

-: પ્રમુખ :-
રશ્મીકાંત આચાર્ય
મો. ૯૭૨૬૪૭૫૮૮૪
-: ઉપપ્રમુખ :-
જયપ્રકાશ શુકલ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
-: મંત્રી :-
દિલીપભાઈ દીક્ષિત
મો. ૯૧૦૬૩૧૫૪૬૯
-: તંત્રી (સૂચિત) :-
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
-: ખજાનચી :-
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
-: સહતંત્રીઓ :-
મિતેશભાઈ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
કૌશલ પુરોહિત
મો. ૯૭૨૫૭૬૮૭૮૯
જયેશ પંડ્યા
મો. ૯૭૩૭૨૫૫૭૭૭
સુશીલભાઈ વ્યાસ
મો. ૯૯૭૯૭૫૮૭૦૨
-: કન્વીનર મંદિર કમિટી :-
મહેશભાઈ દીક્ષિત
મો. ૯૯૯૮૪૮૫૯૩૯
: કન્વીનર છાત્રાલય કમિટી :
ભદ્રેશભાઈ પુરોહિત
મો. ૯૮૭૯૨૫૯૦૫૫
: વ્યવસ્થાપક છાત્રાલય :
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
:કન્વીનર શિક્ષણ કમિટી:
નિલેશભાઈ શુકલ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
:કન્વીનર વેબસાઈટ કમિટી:
અપૂર્વ પંડ્યા
મો. ૯૭૨૭૭૧૯૬૪૩
-: ટ્રસ્ટી મંડળ :-
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોષી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેષભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોષી
૯૪૨૬૩૬૭૦૧૯

## નવા વરાયેલ પ્રમુખ શ્રી જયપ્રકાશ બી. શુક્લનો સંક્ષિપ્ત પરિચય



મૂળ વતન સોજીત્રા-નડિયાદ અને હાલ અમદાવાદ સ્થાયી થયેલ શ્રી જયપ્રકાશ ભાનુપ્રસાદ શુકલની કારકીર્દીની શરૂઆત એલ.આઈ.સી.માં આસિસ્ટન્ટ તરીકે શરૂ કરી ૩૯ વર્ષની ઉજ્જવળ કારકીર્દીમાં ડિવીઝનલ મેનેજર તરીકેની ગૌરવશાળી પદ સુધીની સફર સાથે સામાજીક ક્ષેત્રે સદાય અગ્રેસર રહ્યા છે.

યુવાવસ્થાથી ચરોતર વિભાગના વિવિધ મંડળો સહિત ૪૦ વર્ષથી મહામંડળની કારોબારી સાથે જોડાયેલા રહી વિવિધ હોદ્દાઓ જેવા કે મંત્રી, સહતંત્રી, તંત્રી, ટ્રસ્ટી, ઉપપ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી છે.

ચરોતર વિદ્યોત્તેજક મંડળના મંત્રી ૧૯૭૮થી ૨૦૦૦, ૨૦૦૬ થી ૨૦૧૬ અને ૨૦૨૧થી ચ.વા.બ્રા. જ્ઞાતિ સેવામંડળના મંત્રી, ગુજરાત રાજ્ય પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ-નડિયાદના ટ્રસ્ટી અને મંત્રી તરીકે નોંધનીય સેવાઓ આપેલ છે.

વિવિધ જ્ઞાતિમંડળોની પ્રવૃત્તિના અનુભવી, ચારેય વિભાગના એકતાના પ્રખર હિમાયતી સાથે નવી પેઢીને તૈયાર કરવાનો અભિગમ ધરાવતા શ્રી જયપ્રકાશભાઈએ વર્ષ ૨૦૨૧માં વાલમ વર્તમાનમાં તંત્રી તરીકેની જવાબદારી દરમ્યાન વાલમ વર્તમાનને વધુ રસિક બનાવીને વાચક વર્ગ વધારવાની સાથે સાથે સ્પોન્સરશીપ તેમજ જાહેરાતના ફાળા થકી આર્થિક રીતે સ્વાયત્ત બનાવેલ છે. મહામંડળના આર્થિક બોજનો ઘટાડો કરી વાલમ વર્તમાનને અલગ ઊંચાઈએ તથા આ માટે નવી પેઢીને તૈયાર કરવાના શ્રેય માટે મહામંડળ સદાય તેમનું ઋણી રહેશે જ !

નિવૃત્તિ પછી એલ.આઈ.સી. ના સમયના બંધનમાંથી મુક્ત પણ સંપૂર્ણ સમય અમદાવાદ-વડોદરા-નડિયાદ સામાજીક પ્રવૃત્તિમાં ફાળવતા ૭૪ વર્ષીય જયપ્રકાશભાઈની દોડધામ/સ્ફૂર્તિ અન્ય માટે પ્રેરણારૂપ છે જ....

## તેજસ્વી તારલાની બાકી બેન્ક ડીટેઈલ લીસ્ટ

૧. નીવ કેયુરભાઈ મહેતા, નરોડા, ૨. પ્રિયાંશ હેમલભાઈ ભટ્ટ, અમદાવાદ, ૩. આર્યન ઉપેન્દ્રભાઈ જોષી, ગાંધીનગર, ૪. મનસ્વી કેશવભાઈ જોષી, વાસણા, ૫. યથાર્થ સંદીપભાઈ ઉપાધ્યાય, જુનાગઢ, ૬. માનવ યશભાઈ યાજ્ઞિક, વડોદરા, ૭. સિદ્ધિ જાસ્મીન વૈદ્ય, બુરહાનપુર, ૮. પ્રિયા અશ્વીનભાઈ જોષી, દહેગામ, ૯. પરી હાર્દિકભાઈ અધ્વર્યુ, અમદાવાદ, ૧૦. મેઘા ઉત્પલદત્ત પુરોહિત, મોગર, ૧૧. ધ્રુવિતા શીતલભાઈ પાણેરી, મુંબઈ ૧૨. આસ્થા આનંદભાઈ જોષી, રાજકોટ.

નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર બેંક ડીટેઈલ મોકલી આપવી.

મો. નં.: ૯૮૨૪૪૮૯૯૧૦

- નિલેશભાઈ શુકલ
કન્વીનર, શિક્ષણ કમિટી

## મહામંડળની નડિયાદ મુકામે તા. ૩૦-૧૧-૨૦૨૫ના રોજ મળેલ કારોબારી મિટિંગમાં થયેલ કાર્યવાહી અને ઠરાવો

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળના ચરોતર વિભાગના યજમાન પદના આમંત્રણને માન આપી મહામંડળની ત્રીજી કારોબારી બેઠક તા. ૩૦-૧૧-૨૦૨૫, રવિવાર સવારે ૧૦.૩૦ કલાકે કન્યા વ્યાયામ શાળા, પીજ ભાગોળ, નડિયાદ મુકામે રાખવામાં આવેલ સદરહુ બેઠકમાં સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ સમયસર ઉપસ્થિત રહેલ.

મહામંડળની કારોબારી બેઠકમાં પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા પદાધિકારીશ્રીઓને ડાયસ ઉપર બેસવા માટે આમંત્રીત કરેલ સર્વેનું મોમેન્ટો દ્વારા તથા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ.

એજન્ડા મુજબ કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી તથા સંતશ્રી પુનિત મહારાજના ફોટા પાસે ડાયસ ઉપર બિરાજેલ મહાનુભાવો પાસે વૈદિક મંત્રથી દિપ પ્રાગટ્ય કરેલ. પ્રાર્થના શ્રી મંદાબેન શુક્લએ અને વૈદિક મંત્રોનું ઉચ્ચારણ શ્રી હિતેશભાઈ ભટ્ટે કરેલ.

એજન્ડા મુજબ ગત કારોબારી બેઠકમાં તા. ૧૫-૧૨-૨૦૨૪થી આજની કારોબારી બેઠક સુધીમાં જે જ્ઞાતિજનો સ્વર્ગસ્થ થયેલ નામી-અનામી તેમાં ખાસ કરીને સ્વ. શ્રી સુધાકર ભટ્ટ, ભૂ.પૂ. તંત્રીને સ્વર્ગસ્થ જ્ઞાતિજનો માટે બે મિનિટનું મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. કારોબારી બેઠકનું સંચાલન શ્રી દિલીપ જે. દીક્ષિતે સંભાળ્યું હતું.

મહામંડળની મંદિર કમિટિના સહકન્વીનરે શ્રી વાઘેશ્વરી માતાજી વલ્લભીપુરના પાટોત્સવમાં ઉપસ્થિત રહેલ સર્વે જ્ઞાતિજનોનો આભાર માનેલ. શ્રી કુળદેવી વાઘેશ્વરી મંદિર વલ્લભીપુરનો વિસ્તૃત અહેવાલ રજુ કરેલ.

શિક્ષણ કમિટિના કન્વીનર શ્રી નિલેષભાઈ શુક્લએ ઉચ્ચ અભ્યાસ માટે ફંડની મર્યાદામાં રહી ફી આપવાનું સૂચન કરેલ. જ્ઞાતિના અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલમ વર્તમાનમાં ફોટા તથા આપવામાં આવતા ઈનામોની રૂપરેખા સુંદર રીતે રજુ કરી હતી. શ્રી વાલમ વર્તમાનના તંત્રી શ્રી કીર્તન દીક્ષિતે વાલમ વર્તમાનને લોકપ્રિય તથા લોકભોગ્ય બનાવવા માટે સહિયારા પ્રયત્નની જરૂર છે તથા ખર્ચમાં હજુ વધુ ઘટાડો થાય તે માટે આયોજન કરવા જણાવ્યું. વાલમ વર્તમાનના દરેક અંક સ્પોન્સર થાય તે માટે પ્રયત્ન કરવા જણાવ્યું.

છાત્રાલય કમિટિના કન્વીનર શ્રી ભદ્રેશભાઈ પુરોહિત અને છાત્રાલયના ગૃહપતિ શ્રી રાકેશભાઈ પુરોહિતે જણાવેલ કે, છેલ્લા ઘણા સમયથી વ્યવસ્થાના અભાવે છાત્રાલય બંધ હાલતમાં છે. જે સત્વરે ચાલુ કરવા જણાવેલ. તે માટે રૂા. ૧૦ લાખનું ભંડોળ ભેગું કરવું જોઈએ કે ફાળવવું જોઈએ.

મિટિંગમાં નીચે જણાવ્યા મુજબના ઠરાવો કરવામાં આવ્યા.

ઠરાવ ૧ : દિવંગત જ્ઞાતિજનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે.

ઠરાવ ૨ : તા. ૧૫/૧૨/૨૦૨૪ની કારોબારી ની મિનિટ્સ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ ૩ : નવી ટર્મ ૨૦૨૬-૨૦૨૮ - બે વર્ષની ટર્મ માટે નવા પ્રમુખ તરીકે શ્રી જયપ્રકાશ બી. શુક્લના નામની દરખાસ્ત ચરોતર ક્ષેત્ર તરફથી શ્રી જીતેન્દ્રભાઈ પુરોહિતે રજુ કરી. તેને શ્રી ભાર્ગવભાઈ જોષી-સોરઠ, શ્રી બાલમુકુંદભાઈ આચાર્ય-ધંધુકા, શ્રી રાજેન્દ્રભાઈ મહેતા-ચાર જથ્થા તથા ચરોતર ક્ષેત્રથી શ્રી મંદાબેન શુક્લએ ટેકો જાહેર કરેલ. ઉપસ્થિત કારોબારી સભ્યોએ તાળીઓના ગડગડાટથી દરખાસ્તને મંજુરી આપી.

ઠરાવ ૪ : મહામંડળના સંમેલન સ્થળ અને તારીખ નક્કી કરવાનું ચરોતર ક્ષેત્રના હોદ્દેદારોને સત્તા આપવામાં આવે છે. સંમેલનમાં અનુકુળતા હોય તો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવાનું નક્કી કરવામાં આવે છે.

ઠરાવ ૫ : નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના ઓડિટેડ હિસાબો ખજાનચી શ્રી ભરતભાઈ ભટ્ટે રજુ કરેલ. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

ઠરાવ ૬ : નવા શૈક્ષણિક વર્ષથી છાત્રાલય રીપેર કરી ફરીથી ચાલુ કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે રૂા. ૧૦ લાખનું ભંડોળ

ઉઘરાવવાનું તથા ફાળવવાનું નક્કી કરવામાં આવે છે.

મિટીંગમાં નીચેના સભ્યોએ છાત્રાલય ફંડમાં અનુદાન નોંધાવેલ.

| | | | |
|---|---|---|---|
| શ્રી યોગેશભાઈ પાઠક | રૂા. ૧૧૦૦૦/- | શ્રી જયપ્રકાશ બી. શુક્લ | રૂા. ૧૧૦૦૦/- |
| શ્રી રાકેશભાઈ પુરોહિત | રૂા. ૫૦૦૦/- | શ્રી ભદ્રેશભાઈ પુરોહિત | રૂા. ૫૦૦૦/- |
| શ્રી રશ્મિકાંત કે. આચાર્ય | રૂા. ૫૦૦૦/- | શ્રી ભરતભાઈ ભટ્ટ | રૂા. ૫૦૦૦/- |
| શ્રી હિતેશભાઈ ભટ્ટ | રૂા. ૨૫૦૦/- | શ્રી ભાઈલાલભાઈ ભટ્ટ | રૂા. ૨૫૦૦/- |

ઠરાવ નં. ૭ : શ્રી કીર્તનભાઈ દીક્ષિતે વેબસાઈટ અંગેની માહિતી આપતા જણાવેલ કે શ્રી ચિન્મય અતુલભાઈ વ્યાસે મહામંડળની વેબસાઈટ નિઃશુલ્ક બનાવી આપેલ છે. જેનો માત્ર સર્વરનો વાર્ષિક ખર્ચ અંદાજે રૂા. ૧૫૦૦૦/-નો થશે. આ વેબસાઈટનું આગામી સંમેલનમાં ઉદ્‌ઘાટન કરી લોકાર્પણ કરવાનું નક્કી કરવામાં આવે છે. વેબસાઈટ કમિટીમાં શ્રી હિમાંશુ પુરોહિત, ઉત્તરસંડાની નિમણૂંક કરવામાં આવે છે.

ઠરાવ નં. ૮ : વર્ષમાં એક વખત કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી પાટોત્સવ હવન નિમિત્તે જુના મંદિરનો ફોટો વાલમ વર્તમાનમાં પ્રકાશીત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૯ : મહામંડળે મંજુર કરેલ જ્ઞાતિના વિભાગીય મંડળોને વાલમ વર્તમાનમાં અડધા પાનાની મેટર ફ્રીમાં છાપવા માટે ઠરાવવામાં આવે છે.


ઠરાવ નં. ૧૦ : આગામી ટર્મ માટે પ્રમુખીય કાર્યક્રમની ચર્ચા વિચારણા અને નિર્ણય હવે પછીની કારોબારીમાં લેવા માટે ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૧ : સંમેલનમાં કરવાના ઠરાવો તથા કાર્યવાહીની રૂપરેખા સંમેલનના આગલા દિવસે વિષય વિચારણા સમિતીમાં કરવામાં આવે છે. તેને બદલે આ બાબત હવેથી સંમેલન પહેલા અનુકૂળ દિવસે પદાધિકારીશ્રીઓની મિટીંગમાં હાથ ધરવાનું ઠરાવવામાં આવે છે.

આભાર વિધિ શ્રી રાકેશભાઈ પુરોહિતે કરી. ચરોતર ક્ષેત્ર દ્વારા કારોબારી મિટીંગ બોલાવવા બદલ વિશેષ આભાર માનવામાં આવે છે. સૌ કારોબારી સભ્યોએ સ્વાદીષ્ટ ભોજન લઈ મિટીંગનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.

શ્રી દિલીપ જે. દીક્ષિત,
મંત્રી, વા.બ્રા.મહામંડળ



Student Visa/PR
DHAVAL JOSHI
(Visa Expert)
+91 9725676019
Reach us to Reach Abroad



શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ

SAI FINANCIAL SERVICES
SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.
SHREE SAIRAM INVESTMART PVT. LTD.
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877


# SHREE VALAM BRAHMAN MAHAMANDAL

Trust Reg. No. : A/114

C/8, Prarthana Flats, Fatehnagar, Nr. Ankur School, Paldi, Ahmedabad-380007.

**SCHEDULE VIII [See Rule 17(1)]**

**Balance Sheet as on 31st March, 2025**

| FUNDS AND LIABILITIES | AMOUNT | | PROPERTY AND ASSETS | AMOUNT | |
|---|---|---|---|---|---|
| ***Trust Funds or Corpus*** | | | ***Immovable Properties*** | | |
| Balance as per last Balance-Sheet | 1,53,31,718 | | Balance as per last Balance-Sheet | 61,95,585 | |
| Adjustment during the year | 2,42,521 | 1,55,74,239 | Addition or Deduction | | 61,95,585 |
| ***Other Earmarked Funds*** | | | ***Movable Properties*** | | |
| Depreciation Fund | | | Balance as per last Balance-Sheet | 11,74,997 | |
| Sinking Fund | | | Addition or Deduction | - | 11,74,997 |
| Reserve Fund | | | | | |
| Any other Fund | | | ***Loans (Secured or Unsecured)*** | | |
| | | | Good / Doubtful | | |
| ***Loans (Secured or Unsecured)*** | | | Loans Scholarships | | |
| From Trustees | | | Other loans AEC | | |
| From Others | | | | | |
| | | | ***Advances*** | | 83,661 |
| ***Liabilities*** | | | To Trustees | | |
| For expenses | | | To employees | | |
| For advances | | | To Contractor | | |
| For rent and other deposits | | | To Interest Receivable | | |
| For sundry credit balances | | | To TDS Receivable | 43,661 | |
| | | | To AEC Security Deposit | | |
| ***Income and Expenditure Account*** | | | To Website Advance | 40,000 | |
| Balance as per last Balance-Sheet | -2,21,121 | | ***Income Outstanding*** | | |
| Less: Appropriation, if any | | | Rent | | |
| Surplus/(Deficit) as per I&E Acc. | 92,568 | -1,28,553 | Interest | 80,482 | 80,482 |
| | | | Other Income | | |
| | | | ***Cash and Bank Balances (Refer Note 6)*** | | |
| | | | (a) In Current or FD Account | 78,71,305 | |
| | | | (b) In FCRA or FD Account | | |
| | | | © With Trustee (Shri Bharatbhai Bhatt) | | |
| | | | (d) Cash on Hand | 39,656 | 79,10,961 |
| **TOTAL** | | **1,54,45,686** | **TOTAL** | | **1,54,45,686** |

Income outstanding in case accounts are maintained on cash basis : NIL asis : NIL

The Significant Accounting Policies and Notes to Accounts No. 1 to 6 are an integral part of these Financial Statements.

The above balance sheet to the best of our belief contains a true account of the funds and liabilities and of the property and assets of the trust.

IN TERMS OF OUR REPORT OF EVEN DATE ATTACHED

**For, Saremal & Co.**
Chartered Accounts
ICAI Reg. No. : 109281W
-sd/-
**SAREMAL SHAH**
Partner
Membership No. : 031864
Place : Ahmedabad Dt : 28-10-2025

**For, Shree Valam Brahman Mahamandal**

Sd/- **Trustee** Sd/- **Trustee**

# SHREE VALAM BRAHMAN MAHAMANDAL

Trust Reg. No. : A/114

C/8, Prarthana Flats, Fatehnagar, Nr. Ankur School, Paldi, Ahmedabad-380007.

**SCHEDULE 1**

**Financial Year 2024-25**

| Trust Capital | Balance as per Last Balance Sheet | Addition During the year | Deletion During the year | Balance as on 31-03-2025 |
|---|---|---|---|---|
| Education Fund | 727986 | | | 727986 |
| Education Trust | 201971 | | | 201971 |
| Foreign Postage Trust | 15250 | | | 15250 |
| General Seva Fund | 388896 | | | 388896 |
| General Trust | 377539 | | | 377539 |
| Hostel Fund | 213103 | | | 213103 |
| Kuldevi Diva Trust | 88836 | | | 88836 |
| Kuldevi Fund | 3062075 | 195000 | | 3257075 |
| Kuldevi Havan Trust | 197000 | | | 197000 |
| Kuldevi Temple Building Fund | 6093373 | | | 6093373 |
| Kuldevi Tithi Dan Trust | 1380173 | 38002 | | 1418175 |
| Life Time Member Fees Fund | 722026 | 10519 | 1000 | 731545 |
| Medical Help Trust | 211092 | | | 211092 |
| Prathana Flat Fund | 38257 | | | 38257 |
| Punit Smarak Nidhi Fund | 1369958 | | | 1369958 |
| Widow Fund | 82705 | | | 82705 |
| Women Help Trust | 161478 | | | 161478 |
| **Total** | **15331718** | **243521** | **1000** | **15574239** |

IN TERMS OF OUR REPORT OF EVEN DATE ATTACHED

**For, Saremal & Co.**
Chartered Accounts
ICAI Reg. No. : 109281W
-sd/-
**SAREMAL SHAH**
Partner
Membership No. : 031864
Place : Ahmedabad Dt : 24-09-2024

**For, Shree Valam Brahman Mahamandal**

Sd/- **Trustee** Sd/- **Trustee**

NISHIT BHATT (CONSULTANT ) +919537084441
NISHIT@FINTRUSTINVESTMENTS.IN
www.fintrustinvestments.in

FINTRUST INVESTMENTS PVT LTD

- MUTUAL FUNDS
- SIP / STP / SWP
- PMS / AIF / SIF
- NRI INVESTMENTS
- STOCK BROKING / DEMAT
- BONDS / FIXED DEPOSIT

Address : B-308, Inceptum, Nr. Tranquil, Opp. Hotel Planet Landmrk, Iscon Ambli Road, Ambli, Ahmedabad-380058.

# SHREE VALAM BRAHMAN MAHAMANDAL

Trust Reg. No. : A/114

C/8, Prarthana Flats, Fatehnagar, Nr. Ankur School, Paldi, Ahmedabad-380007.

**SCHEDULE IX [See Rule 17(1)]**

**Income and Expenditure Account for the year ending 31st March, 2025**

| EXPENDITURE | AMOUNT | | INCOME | AMOUNT | |
|---|---|---|---|---|---|
| ***To Expenditure in respect of properties*** | | | By Rent (accured / realised) | | |
| Rates, Taxes, Cesses | 41738 | | | | |
| Repairs and Maintenance | 130172 | | By Interest (accured / realised) :- | | |
| Insurance | 7328 | | On securities | - | |
| Depreciation | | | On loans | - | |
| Other Expenses | | 179238 | On bank account | 22417 | |
| ***To Establishment Expenses*** | | | On Income Tax Refund | 479035 | 501452 |
| Accounting fees | | | | | |
| Bank Charges | 1524 | | By Dividend | | |
| Printing & Stationery | 179445 | | | | |
| Salary & Bonus Expenses | 120000 | | By Donations in Cash or Kind | | |
| Postage Expenses | 20528 | | (a) Domestic | 681352 | |
| Electricity Expenses | 44033 | 365530 | (b) International | - | 681352 |
| To Remuneration to Trustee | | | | | |
| To Professional Fees | | 33050 | By Income from other sources | | |
| To Income Tax | | 94059 | | | |
| To Contribution and Fees | | 13278 | Temple Income | | - |
| ***To Amounts Written off :*** | | | | | |
| (a) Bad-debts | - | | By Transfer from Reserve | | |
| (b) Investments | 425 | | | | |
| (c) Irrecoverable Rents | - | | | | |
| (d) Fixed Deposit Balance | 62928 | 63353 | By Deficit carried over to Balance-sheet | | |
| ***To Miscellaneous Expenses*** | | 63838 | By Excess of Income | | |
| To Depreciation | | - | | | |
| To Amounts Transferred to reserve or Specific Funds | | - | | | |
| ***To Expenditure on objects of the trust (Specify in any from FCRA)*** | | | | | |
| (a) Religious | 155390 | | | | |
| (b) Educational | 30500 | | | | |
| (c) Medical Relief | - | | | | |
| (d) Relief of Poverty | - | | | | |
| (e) Other Charitable Objects | 92000 | 277890 | | | |
| ***To Surplus Carried over to Balance Sheet*** | | 92568 | | | |
| **TOTAL** | | **1182804** | **TOTAL** | | **1182804** |

IN TERMS OF OUR REPORT OF EVEN DATE ATTACHED

**For, Saremal & Co.**
Chartered Accounts
ICAI Reg. No. : 109281W
-sd/-
**SAREMAL SHAH**
Partner
Membership No. : 031864
Place : Ahmedabad Dt : 24-09-2024

**For, Shree Valam Brahman Mahamandal**

Sd/- **Trustee**    Sd/- **Trustee**

## સુધાકર કૃષ્ણકાન્ત ભટ્ટ



અમારા માટે – અમારા પિતા, મિત્ર , અમારી ઉપર આવતી દરેક આફતો ને રોકી લેતી ઢાલ અને માર્ગદર્શક અને તેમના પૌત્રો પૌત્રીઓ માટે – વ્હાલનો મીઠો દરીયો.

તેમને પોતાના જીવનનો મોટો ભાગ તેમની ટ્રાન્સફરેબલ નોકરીને કારણે ફેમિલીથી દૂર વિતાવવો પડતો પરંતુ લગભગ દરેક વીકેન્ડ પર શારીરિક કષ્ટને નજરઅંદાજ કરીને પણ ફેમિલી પાસે પહોંચી જ જતાં. દૂર હોવા સમયે પણ પોતાના વિચારો, આદર્શો, હૂંફ અને લાગણીઓ કુટુંબના દરેક સભ્ય સુધી પહોંચે તેના માટે સતત પ્રયત્નશીલ રહેતા.

વાલમ બ્રાહ્મણ મહામંડળ દ્વારા પ્રકાશિત વાલમ વર્તમાનના તંત્રી તરીકે તેમણે નિષ્ઠાપૂર્વક સેવા આપી. ટ્રસ્ટી તથા શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ અને માનવતા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. જ્ઞાતિના વિવિધ મંડળોમાં સદા માર્ગદર્શક બની વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યા. નામનાની ચાહના વિના અનેક જરૂરતમંદ પરિવારોને ગુપ્ત રીતે મદદ કરી અને માનવતાને હંમેશા સર્વોપરી રાખી.

દરેક વયના વ્યક્તિ સાથે સહજ રીતે જોડાવાની તેમની કલા, સામેના વ્યક્તિને સમજવાની આવડત અને ખૂબ જ પ્રેમથી માર્ગદર્શન આપવાની તેમની રીત તેમને સૌથી વિશેષ બનાવતી.

કોઈપણ પરિસ્થિતિને હસીને સ્વીકારવી અને બંને ભાઈઓ તથા દીકરાઓ સાથે મિત્રની જેમ વર્તવું, – આ બધું જ તેમની આત્મિયતા અને નિસ્વાર્થ પ્રેમનું પ્રમાણ.

જીવનની અંતિમ ક્ષણોમાં પણ અમારી મમ્મીનાં સુખ અને આરોગ્ય અંગે જ વિચારવું એ તેમના સાથી ધર્મ અને સમર્પણને દર્શાવે છે.

તેમનું જીવન અને સિદ્ધાંતો અમે કદાચ પૂરેપૂરા 'કૉપી-પેસ્ટ' ન કરી શકીએ, પરંતુ તેમનું અનુસરણ કરવાની અમારી સંપૂર્ણ કોશિશ રહેશે.

- ચિંતન સુધાકર ભટ્ટ તથા નિરજ સુધાકર ભટ્ટ

NIRM
SYNERGY
*We Make Things Possible*

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
**ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ**
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

૫૦૧ કિશોરકુમાર દેવશંકર ભટ્ટ,વા.વ. સહાય, સુપુત્રી જીયા ગુજરાત રાજ્ય વુમન ચેસ સ્પર્ધામાં બીજા નંબરે વિજયી બન્યા તે મેટર વા.વ.માં છપાવવા, ૧૮૦૬૦

૧૦૧ વ્રજ નિલેશ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૮૦૬૧

૧૧૦૦૦ અમરીષભાઈ એન. મહેતા, કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરમાં અખંડ દિવા માટે ઘી, હ. વા.બ્રા.યુવક મંડળ, ૧૮૦૬૨

૫૦૦ ગીતાબેન ચંદ્રકાંતભાઈ ભટ્ટ, આજીવન સભ્ય, ચરોતર, ૧૮૦૬૩

૧૦૦૦૦ જનક જયકૃષ્ણ અધ્વર્યુ (કેનેડા), અન્ય ફંડ, સ્વ. જયકૃષ્ણ હ. અધ્વયુ, સ્વ. સુધાબેન જ. અધ્વર્યુના ફોટા વલ્લભીપુર ખાતે કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરના હોલમાં મૂકવા, ૧૮૦૬૪

૧૫૦૦ રશ્મિકાંત કૃષ્ણકાંત આચાર્ય, વા.વ. સહાય, સ્વ. શિલાબેન આચાર્યની પુણ્યતિથિ પર વા.વ.માં આખા પાનાની શ્રદ્ધાંજલિ છપાવવા માટે, ૧૮૦૬૫

૧૦૦૦ રાજેન્દ્રભાઈ માણેકલાલ મહેતા, તિથિદાન, સ્વ. મંજુલાબેન રાજેન્દ્રભાઈ મહેતા, માગશર સુદ પૂનમ, ૧૮૦૬૬

૧૦૦૦૦ ઈશાન મુકેશ અધ્વર્યુ, સ્વ. પિતાશ્રી મુકેશભાઈ જયંતિલાલ અધ્વર્યુની સ્મૃતિમાં જાન્યુઆરી-૨૦૨૬નો અંક સ્પોન્સર, ૧૮૦૬૭

૫૦૧ સંજયકુમાર રમણીકલાલ જોષી, વા.વ. સહાય, ચિ.જેનીના શુભલગ્ન ચિ. વિરલ સાથે થયા તે સમાચાર, ૧૮૦૬૮

૫૦૦ કેયુલભાઈ મહેન્દ્રભાઈ મહેતા, કુળદેવી ભેટ,ચિ.મનાલીના લગ્નપ્રસંગે, ૧૮૦૬૯

૫૦૦ મહેશકુમાર કનૈયાલાલ ભટ્ટ, કુળદેવી ભેટ,ચિ.મિલાપના લગ્નપ્રસંગે, ૧૮૦૭૦

## વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર આવેલ કુળદેવી ફંડ/ભેટ તથા વસ્તુની યાદી

૨૦૦ દેવેન્દ્રભાઈ કાંતિલાલ ભટ્ટ, અખંડ દિવા માટે, ૧૮૯૦

૨૦૦૦ દિનાબેન બ્રિજેશભાઈ આચાર્ય, કુળદેવી ભેટ, ૧૮૯૧

૨૦૦ ભરત રમણીકલાલ ભટ્ટ, કુળદેવી ભેટ, ૧૮૯૨

૫૦૦ દિલીપભાઈ જમનાશંકર મહેતા, કુળદેવી ભેટ, ૧૮૯૩

૧૦૦૦ પ્રકાશભાઈ જમનાશંકર મહેતા, કુળદેવી ભેટ, જન્મ દિવસ નિમિત્તે , ઓસ્ટ્રેલિયા, ૧૮૯૪

૧૦૦૦ સ્વ. પરમાનંદભાઈ ધનેશ્વર મહેતા, અખંડ દિવા માટે, હસ્તે ગૌરાંગ મહેતા, ૧૮૯૫

૧૦૦૦ સ્વ. પ્રમોદભાઈ વ્યાસ, અખંડ દિવા માટે, હસ્તે પરેશભાઈ, ૧૮૯૬

૧૦૦૦ પંકજભાઈ મહેતા, તિથિદાન, સ્વ. જયાબેન દીનકભાઈ મહેતા, કારતક વદ ચોથ, ૧૮૯૭

૧૦૦૦ વર્ષાબેન પ્રફુલ્લભાઈ રાવલ, લંડન, કુળદેવી ભેટ, ૧૮૯૮

૧૦૦૦ હિતાર્થ સંદીપભાઈ જોષી, રાજકોટ, તિથિદાન, જન્મદિવસ તિથિ, આસો વદ આઠમ, ૧૮૯૯

૧૦૦૦ યથાર્થ સંદીપભાઈ જોષી, રાજકોટ, તિથિદાન, જન્મદિવસ તિથિ, પોષ સુદ પૂનમ, ૧૯૦૦

૧૦૦૦ કેશવી હિરેનભાઈ જોષી, રાજકોટ, તિથિદાન, જન્મતારીખ: ૨૪/૪/૨૦૦૪, ૧૯૦૧

૧૦૦૦ દેવાંશી હિરેનભાઈ જોષી, રાજકોટ, તિથિદાન જન્મતારીખ: ૨૭/૧૧/૨૦૦૯, ૧૯૦૨

૧૦૦૦ અમિતભાઈ એ. શુક્લ, લંડન, કુળદેવી ભેટ, ૧૯૦૩

### વસ્તુ ભેટ

સાડી-૧ તથા ઈમીટેશન શણગાર ભેટ - પ્રશાંતભાઈ ઉપાધ્યાય, અમદાવાદ, ૦૦૪

સાડી ૧ શૈલેષભાઈ મહેતા, અમદાવાદ, ૦૦૫

સાડી ૧ અમીબેન કૃણાલભાઈ ભટ્ટ, અમદાવાદ, ૦૦૬



## અભિનંદન

સ્વ.મહેશકુમાર ત્રિકમલાલ ભટ્ટ તથા ઈલાબેનની પૌત્રી જીયા આનંદ ભટ્ટ રાષ્ટ્રીય કક્ષાની ચિત્ર સ્પર્ધા રંગોત્સવમાં બ્રોન્ઝ મેડલ વિજેતા બનેલ છે તથા આગળ ઈન્ટરનેશનલ લેવલની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ..

## અભિનંદન




વડોદરા નિવાસી ઉજજવલ કૌશિકભાઈ આચાર્યના પુત્ર ક્રિશીવે સ્પોર્ટ્સમાં ફર્સ્ટ નંબરે આવી સર્ટીફીકેટ અને ગોલ્ડ મેડલ મેળવેલ છે. હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ..



## અભિનંદન

વસો હાલ સીડની ઓસ્ટ્રેલિયાના શ્રી જીમિત જનકભાઈ જોષી અને અ.સૌ. અવનીની સુપુત્રીઓ વંશિકા અને આરોહીએ ભારત નાટ્યમની સ્પર્ધામાં ચાર એવોર્ડ મેળવી જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. બન્ને બહેનો અને પરિવારને અભિનંદન સહ શુભેચ્છાઓ.



## શુભલગ્ન

જોરાવરનગર નિવાસી શ્રીમતી બિનાબેન તથા સંજયકુમાર રમણીકલાલ જોષીની સુપુત્રી ચિ. જેનીના શુભલગ્ન ગાજણવાવ નિવાસી શ્રીમતી શોભનાબેન તથા કનકકુમાર જયંતિલાલ જોષીના સુપુત્ર ચિ. વિરલ સાથે તા. ૬-૧૨-૨૫ના રોજ સંપન્ન થયેલ છે.



## અભિનંદન

સ્વ.અરૂણાબેન તથા ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ પ્રમોદરાય પાઠકની દોહીત્રી વૈનવી મેઘાબેન પાઠક રાષ્ટ્રીય કક્ષાની ટેટુ સ્પર્ધા, કાર્ટુન સ્પર્ધા, કાર્ટુન મેકીંગ સ્પર્ધામાં ભાગ લઈ બ્રોન્ઝ મેડલ વિજેતા બનેલ છે તથા આગળ ઈન્ટરનેશનલ લેવલની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ..

## આભાર દર્શન

શ્લોક સ્તોત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોમાં સંસ્કાર સિંચન થાય તેમજ પ્રોત્સાહન મળે તે હેતુથી અમરેલી નિવાસી શ્રી કિરણભાઈ બાબુભાઈ આચાર્ય તથા જુનાગઢ નિવાસી ડૉ. ઋષિરાજ બાલકૃષ્ણ ઉપાધ્યાય દ્વારા તમામ ૫૧ સ્પર્ધકોને સ્વામિ વિવેકાનંદ તથા રામકૃષ્ણ પરમહંસ કથિત બે વાર્તાની પુસ્તિકાઓ આપવામાં આવેલ છે. ખૂબ ખૂબ આભાર.

**ખાસ નોંધ :** શ્લોક સ્તોત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકો જેમને ઈનામની પુસ્તિકાઓ મેળવવાની બાકી રહેલ છે, તેમણે તંત્રીશ્રી કિર્તનભાઈ દીક્ષિતને પોતાનું સરનામું વોટ્સએપથી મોકલી આપવા નમ્ર વિનંતી.

**સુધારો :** શ્લોક સ્તોત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકો ની નામાવલીમાં એકનામ શરતચૂકથી છાપવાનું રહી ગયેલ છે. તે ધ્યાને લેવું. રૂદ્ર હિરેનભાઈ અધ્વર્યુ, અમદાવાદ.

## શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ સંચાલિત વિદ્યાનગર છાત્રાલય રિનોવેશન





સંત શ્રી પુનિત મહારાજનો સંકલ્પ સાકાર કરવા શ્રી દેવશંકર ભગત અનુદાનિત પવિત્ર ભૂમિ ઉપર પૂર્વપ્રમુખ સ્વ. રમેશચંદ્ર છોટાલાલ વ્યાસના અથાગ પરિશ્રમ અને જ્ઞાતિજનોના ઉદાર અનુદાનથી નિર્મિત થયેલ વિદ્યાનગર છાત્રાલય એ મહામંડળની પહેલવહેલી ઈમારત છે.

કારોબારી સમિતિના નિર્ણય મુજબ આપણું વિદ્યાનગર સ્થિત છાત્રાલય બંધ હાલતમાં છે. તેનું જરૂરી રિનોવેશન કરી તા. ૧-૬-૨૦૨૬થી ફરીથી શરૂ કરવાનું નક્કી કરેલ છે. આ માટે અંદાજે ૧૦ થી ૧૫ લાખ જેટલો ખર્ચ થાય એમ છે. સર્વે જ્ઞાતિજનોને આ પુનિત કાર્યમાં ઉદાર હાથે અનુદાન આપવા નમ્ર નિવેદન છે. પ્રમુખ તથા કારોબારી સભ્યો

## ગાયત્રી યજ્ઞ રૂપી શ્રદ્ધાંજલિ

શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા વર્ષ ૨૦૨૫માં દિવંગત થયેલ સર્વે નામી અનામી સ્વજનો સહિત વિશ્વભરમાં યુદ્ધમાં શહીદ થયેલ, અકસ્માત, આતંકવાદી હુમલાઓ વગેરેમાં સદગત થયેલ સર્વેના આત્માની શાંતિ અર્થે ડિસેમ્બરના છેલ્લા રવિવારે ગાયત્રી યજ્ઞ રૂપી શ્રદ્ધાંજલિનું આયોજન કરવામાં આવેલ. આશરે ૪૦૦ ઉપરાંત જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાપૂર્વક આહુતિ અર્પણ કરેલ. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે મુખ્ય યજમાન પદે સ્વ.યોગેશભાઈ મધુસૂદન આચાર્ય (લંડન)ના સ્મરણાર્થે કલ્પનાબેન આચાર્ય દ્વારા અનુદાન આપવામાં આવેલ. તમામ સહયજમાનો તેમજ જ્ઞાતિજનોએ ઉદાર હાથે ફાળો નોંધાવી તેમજ મોટી સંખ્યામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલ.



## જ્ઞાતિનું ગૌરવ

મુ. ગલોદરા, તા. કડીના ચિ. પ્રતિક ધર્મેન્દ્રભાઈ ભટ્ટ, પાઈલોટની પરીક્ષા પાસ કરેલ છે. સમગ્ર ચુંવાળ વિભાગ અને વાલમ બ્રાહ્મણ જ્ઞાતિને ગૌરવ અપાવવા બદલ ચિ. પ્રતિકને હાર્દિક શુભેચ્છાઓ.

### તાજેતરમાં અવસાન પામેલ નીચેના સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ

★ મુંબઈ : જયવર્ધન જગદીશચંદ્ર પંડ્યા
★ રાજકોટ : મનીષકુમાર પ્રવિણભાઈ વ્યાસ
★ અમદાવાદ : રમાગૌરી કનૈયાલાલ ભટ્ટ
★ અમદાવાદ : વિનુભાઈ જમનાશંકર ભટ્ટ
★ રાજકોટ : મંજુલાબેન ઉપેન્દ્રભાઈ પંડ્યા
★ ધંધુકા : જયશ્રીબેન કૃષ્ણકાંત પાઠક



નવચેતન ઈન્ટરનેશનલ ઈવેન્ટ એરેન્જર

લગ્નગીત, ગરબા, મહેંદી ગીત, મહેંદી ડિઝાઈન, સંગીત સંધ્યા, ફંડ રેઈઝ કાર્યક્રમ, માઠા પ્રસંગે ભજન સંધ્યા, કેરીઓકે ઉપર તેમજ લાઈવ એન્કર – ફીમેલ સીંગર / મેલ સીંગર તેમજ

એક યાદ રફી કે બાદ - બંકીમ પાઠક : સંપર્ક : ૯૮૨૪૦ ૯૮૮૪૮, ૯૮૨૪૦ ૯૮૮૫૮

જીવનના દરેક પ્રસંગને યાદગાર બનાવવા અમદાવાદ તથા ગુજરાતના કોઈપણ શહેર-ગામમાં કાર્યક્રમ માટે સંપર્ક કરો

## તિથિદાન

**પોષ સુદ ૧૪ થી મહા સુદ ૧૩ (તા. ૧૧-૧-૨૦૨૬ થી ૧૦-૨-૨૦૨૬) સુધી**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

પોષ સુદ ૧૪
શાંતાબેન બાબુલાલ ઉપાધ્યાય
રાકેશભાઈ સુરેશભાઈ ભટ્ટ
પોષ સુદ ૧૫ (પૂનમ)
જયંતિલાલ હરગોવિંદદાસ જોષી
પોષ વદ ૧
હીમાબેન મૂળચંદભાઈ જોષી
શર્મિષ્ઠાબેન જનાર્દનભાઈ ભટ્ટ
હિમાદ્રી મુળચંદ જોષી
નિરવ યોગેશ દીક્ષિત
પોષ વદ ૨
ઈન્દુબેન બાલકૃષ્ણ ઉપાધ્યાય
અનંતરાય પ્રભાશંકર જોષી
જીતેન્દ્ર ઈશ્વરલાલ મહેતા
બળવંતરાય રવજીભાઈ પાણેરી
પોષ વદ ૩
જયંતિલાલ હરજીવનદાસ અધ્વર્યુ
મંગળપ્રસાદ ધનેશ્વરભાઈ અધ્વર્યુ
પ્રાણશંકર બી. જોષી
જીવરામભાઈ ત્રિભુવનદાસ દીક્ષિત
પોષ વદ ૪
પ્રવિણચંદ્ર પરસોત્તમદાસ અધ્વર્યુ
દેવશંકર હરગોવિંદદાસ પંડ્યા
પોષ વદ ૫
કનૈયાલાલ વસંતરાય જોષી
કાંતિલાલ સોમેશ્વર ઉપાધ્યાય
ભાનુશંકર હરીશંકર ઠાકર
કૃષ્ણાબેન ભાનુશંકર ઠાકર
અંબાપ્રસાદ મોહનલાલ દિક્ષીત
નિર્મળાબેન વિષ્ણુપ્રસાદ અધ્વર્યુ

પોષ વદ ૬
મંજુલાબેન ઘનશ્યામભાઈ વ્યાસ
પ્રફુલ્લચંદ્ર હરગોવિંદદાસ અધ્વર્યુ
પોષ વદ ૭
નર્મદાશંકર નારણદેવ આચાર્ય
જીવીબા હરજીવનદાસ અધ્વર્યુ
અંબાલાલ કામેશ્વર મહેતા
કપિલાબેન હર્ષદરાય આચાર્ય
પોષ વદ ૮
ચંદ્રકાંત ભાઈશંકર પંડ્યા
ઉમિયાશંકર લક્ષ્મીશંકર શુકલ
પોષ વદ ૯
ગીરધારીલાલ ગણપતરામ શુકલ (જ્ઞાતિના ગોર)
પુષ્પાબેન કનુભાઈ પંડ્યા
નિરૂપમાબેન સુરેશચંદ્ર ભટ્ટ
ધીરજલાલ ગીરજાશંકર દિક્ષીત
યશવંતરાય સોમનાથ મહેતા
અંબાશંકર (બચુભાઈ) શિવશંકર ઉપાધ્યાય
પોષ વદ ૧૦
ધ્રુવભાઈ ભદ્રેશભાઈ અધ્વર્યુ
કપિલાબેન જયંતિલાલ શુકલ
પોષ વદ ૧૧
અનસુયાબેન રામચંદ્ર આચાર્ય
રમેશચંદ્ર વેણીશંકર આચાર્ય
ત્રિવેણીબેન શંકરલાલ આચાર્ય
હરગોવિંદદાસ ગોપાલભાઈ જોષી
દયાશંકર શામજીભાઈ પંડ્યા
પોષ વદ ૧૨
ઈશ્વરલાલ શીવરામ પુરોહિત

જશુભાઈ છગનભાઈ પુરોહિત
કૈલાશબેન બળવંતરાય ભટ્ટ
ગીરીશચંદ્ર ઉમિયાશંકર આચાર્ય
પોષ વદ ૧૩
ઉદયશંકર હરીશંકર જોષી
હિરેન્દ્ર હરીકૃષ્ણ દિક્ષીત
કાંતાગૌરી શાંતિલાલ જોષી
હસમુખીબેન ધીરજલાલ દિક્ષીત
વિદ્યાબેન વિષ્ણુપ્રસાદ પાઠક
પોષ વદ ૧૪/અમાસ
પદમાબેન જગદીશચંદ્ર ઉપાધ્યાય
જનાર્દનભાઈ દુર્ગાશંકર ભટ્ટ
તારાબેન મગનભાઈ ઉપાધ્યાય
તારાબેન જયંતિલાલ અધ્વર્યુ
લાભશંકર અમૂલખરાય ભટ્ટ
ગોપાલકૃષ્ણ રામકૃષ્ણ અધ્વર્યુ
મહા સુદ ૧
મધુસુદન ચુનીલાલ પંડ્યા
વસંતભાઈ રામચંદ્ર દિક્ષીત
મહા સુદ ૨
કમળાબેન ફુલશંકર વ્યાસ
શંકરપ્રસાદ અંબાશંકર આચાર્ય
કાશીબેન ઈશ્વરભાઈ પુરોહિત
શાંતાગૌરી શાંતિલાલ જોષી
મહા સુદ ૩
મિત્તલકુમાર જનકભાઈ વ્યાસ
ચંદ્રવદન રેવાશંકર દિક્ષીત
રમેશચંદ્ર શાંતિલાલ જોષી
તિલોત્તમાબેન ધનવંતરાય આચાર્ય
મહા સુદ ૪
સોમેશ્વર જે. પંડ્યા

ત્રિવેણીબેન ગીરજાશંકર ભટ્ટ
કૃષ્ણકાંત કમળાશંકર પુરોહિત
શીલાબેન રશ્મિકાંત આચાર્ય
જ્યોતિન્દ્રભાઈ વૃજલાલ વ્યાસ
મહાલક્ષ્મીબેન મણીશંકર ઉપાધ્યાય
શાંતાબેન નટવરલાલ અધ્વર્યુ
દિલીપભાઈ મધુસુદન પાઠક

મહા સુદ ૫

મુક્તાબેન મુળશંકર આચાર્ય
ગીરજાશંકર મગનલાલ જોષી
સુરેશચંદ્ર રામશંકર ભટ્ટ
તારાબેન ચિમનલાલ મહેતા

મહા સુદ ૬

કૃષ્ણકાંત નર્મદાશંકર દિક્ષીત
ઈન્દીરાબેન કેશવલાલ વ્યાસ

મહા સુદ ૭

રમણભાઈ સોમેશ્વર પંડ્યા
યશોમતીબેન (બચુબેન) નટવરલાલ ભટ્ટ
વિદ્યાબેન કાંતિલાલ મહેતા
મધુસુદન રવિશંકર પંડિત

મહા સુદ ૮

ચિમનલાલ અંબાશંકર ઉપાધ્યાય
પ્રતાપરાય કરશનદાસ દિક્ષીત
ગૌતમભાઈ નરેન્દ્રભાઈ પાઠક
મણીદેવી રામચંદ્ર પંડ્યા
ઉષાબેન ભાનુશંકર પુરોહિત

મહા સુદ ૯

હરીશંકર ઉમિયાશંકર પંડ્યા
કંચનબેન ત્રંબકલાલ ઉપાધ્યાય
મગનલાલ કામેશ્વર મહેતા
ભોગીલાલ મુળશંકર ઉપાધ્યાય
વિક્રમભાઈ ચંદુલાલ મહેતા
વિમળાબેન નર્મદાશંકર ભટ્ટ

મહાસુદ ૧૦

શાંતાબેન ગિરીશચંદ્ર આચાર્ય

મહા સુદ ૧૧

શાન્તાબેન મનહરલાલ પંડ્યા

મહા સુદ ૧૨

પ્રવિણચંદ્ર વિશ્વનાથ આચાર્ય
ગૌરીશંકર બાલાશંકર પંડ્યા

મહા સુદ ૧૩

કાંતિલાલ રામકૃષ્ણ ઉપાધ્યાય

## જન્મદિવસ શુભેચ્છા

૭/૧- નયના ભરત ભટ્ટ
૮/૧- વિશ્વા જીગરભાઈ ભટ્ટ
૨૨/૦૧- ધ્યેય જીજ્ઞેશ દીક્ષિત (અમેરિકા)
૨૫/૦૧- વિનયભાઈ દશરથલાલ દીક્ષિત
૩૦/૦૧- સવિતાબેન ભાઈલાલભાઈ ગોર

## જન્મજયંતિ

મહાસુદ ૧૦ - કોકીલાબેન લાલશંકર આચાર્ય

## લગ્નતિથિ/લગ્નદિવસ શુભેચ્છા

૪/૨- ડૉ.નિવ નરેન્દ્ર મહેતા - ડૉ. આકાંક્ષા નિવ મહેતા

**: ખાસ નોંધ :** તિથિમાં સુધારા વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી વિરેન્દ્ર આચાર્યનો વોટ્સએપ નં. 9979890059 પર સંપર્ક કરવા વિનંતી.


મધુવન ફાર્મ પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે
વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187486

કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479
કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

ડૉ. ધૈર્ય બી. ભટ્ટ (M) 7383245526
માતૃ ક્લિનીક
૨૪, સહજ રેસીડેન્સી, નિકોલ લેક ગાર્ડન પાસે, નિકોલ,અમદાવાદ
આરોગ્યમ્ હોસ્પિટલ
મેડીકલ । સર્જીકલ । ઓર્થોપેડીક
બી-૬, શિવદર્શન સોસાયટી, મનમોહન ચાર રસ્તા પાસે, ઓઢવ-નિકોલ રોડ, ઓઢવ
રુદ્રાય હોસ્પિટલ
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક, દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે નિકોલ-નરોડા રોડ, નિકોલ

# તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શીલાબેન રશ્મિભાઈ આચાર્ય

**સ્વ. તા. : ૨૫/૦૧/૨૦૨૩**

**નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે**
**હરપલ આપની હાજરીનો આભાસ લાગ્યા કરે છે.**
**ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે.**
**સહજ સ્વભાવને ધાર્મિક વૃત્તિ વારસામાં આપી ગયા.**
**ધન્ય છે જીવન અમારું કે જીવન જીવતા શીખવી ગયા.**
**આપના આત્માને ઈશ્વર શાંતિ આપે એજ પ્રાર્થના.**
ૐ શાંતિ... શાંતિ

**આપના ઋણી**
રશ્મિભાઈ કૃષ્ણકાંતભાઈ આચાર્ય
સૌજલ રશ્મિભાઈ આચાર્ય (પુત્ર)
ખ્યાતિ આચાર્ય (પુત્રી)

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. નિરવ યોગેશકુમાર દીક્ષિત

જ. તા. : ૦૪/૦૫/૧૯૮૮ સ્વ. તા. : ૧૪/૦૧/૨૦૨૫

વૈશાખ વદ ત્રીજ પોષ વદ એકમ

**રડી પડે છે આંખો અમારી, જોઈ તસ્વીર કાયમ તારી**
**નાની ઉંમરે વિદાય તારી, કંપાવી ગઈ કાળજા અમારા**
**મન હજી માનતું નથી કે તું અમારી વચ્ચે નથી**
**પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...**
**ૐ શાંતિ....શાંતિ....શાંતિ...**

**અમો આપના ઋણી**

યોગેશકુમાર તુળજાશંકર દીક્ષિત તથા દીક્ષિત પરિવાર
વિવેક વી. પંડ્યા તથા પંડ્યા પરિવાર
ૐ નમઃ શિવાય

## શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ - ૬૦મું સંમેલન / અધિવેશન

કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીની અસીમ કૃપા તથા સંતશ્રી પુનિત મહારાજના આશીર્વાદથી શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળનું ૬૦મું સંમેલન / અધિવેશન ચરોતર ક્ષેત્રના ઉપક્રમે તા. ૧૧/૦૧/૨૦૨૬ રવિવારના રોજ સવારના ૧૦ કલાકે નીચે દર્શાવેલ સ્થળે મળશે. તો સર્વે સભ્યો અને જ્ઞાતિબંધુઓને સંમેલનમાં પધારવા હાર્દિક આમંત્રણ છે. સદર સંમેલનની કાર્યસુચિ નીચે મુજબ છે.

**ચાલો નડિયાદ...**

**કાર્યક્રમ**

૯.૦૦ થી ૧૦.૩૦ ચા - નાસ્તો

૧૦.૩૦ સંમેલનનો પ્રારંભ

**ચાલો નડિયાદ...**

૧. પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય
૨. ગત સંમેલનથી આજના સંમેલન સુધીમાં સ્વર્ગસ્થ થયેલ જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલિ
૩. સ્વાગત ગીત, મહેમાનોનું સ્વાગત
૪. સ્વાગત પ્રમુખ શ્રી પ્રભાકરભાઇ ગણપતરામ ભટ્ટ નુ સ્વાગત ઉદબોધન
૫. વડીલ મુરબ્બી શ્રી ભાસ્કરભાઈ જયંતિલાલ પુરોહિતના આશીર્વચન
૬. અતિથિ વિશેષ શ્રી દેવેન્દ્રભાઇ અંબાલાલ પુરાણીનુ પ્રાસંગિક સંબોધન
૭. મુખ્ય મહેમાન શ્રી કૌશિકભાઇ જમનાશંકર મહેતાનું પ્રેરક ઉદબોધન
૮. વ્યક્તિ વિશેષ સન્માન
૯. એજન્ડા પરની કાર્યવાહી - તા. ૨૪-૧૨-૨૩ના રોજ વલભીપુર મુકામે મળેલ સામાન્ય સભાની પ્રોસીડીંગ મંજુર કરવા બાબત, વર્ષ ૨૦૨૩-૨૫ના ગાળાનો મંત્રીશ્રીનો અહેવાલ મંજુર કરવા બાબત, વર્ષ ૨૩-૨૪ અને ૨૪-૨૫ના ઓડીટેડ હિસાબોને બહાલી આપવા, નવા પ્રમુખશ્રીની વરણી કરવા બાબત, ટ્રસ્ટી મંડળની નિમણૂંક કરવા બાબત, ચૂંટણી અધિકારી દ્વારા નવનિર્વાચિત કારોબારી સભ્યોની જાહેરાત કરવા બાબત, વેબસાઈટનું લોકાર્પણ
૧૦.વિદાય લેતા પ્રમુખ શ્રી રશ્મીકાંત કૃષ્ણકાંત આચાર્ય નું વિદાય પ્રવચન.
૧૧. નવા પ્રમુખ શ્રી જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ નું સંબોધન
૧૨.પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે
૧૩.આભાર દર્શન

બપોરે ૧.૦૦ સ્વરૂચિ ભોજન અને ત્યાર બાદ વિસર્જન.

**સંમેલનનું સ્થળ**

મૂક જ્ઞાતિ સેવક સ્વ. હરિપ્રસાદ ગણપતરામ ગોર સંમેલન સભાખંડ
આંબેડકર હોલ, કલેકટર બંગલાની બાજુમાં, પીજ રોડ, નડિયાદ

સંમેલનની વ્યવસ્થા તથા માહિતી માટે નીચેના હોદ્દેદારોનો સંપર્ક કરવો.

| | | |
|---|---|---|
| **રશ્મીકાંત કે. આચાર્ય** | **જયપ્રકાશ બી. શુક્લ** | **દિલીપ જે. દીક્ષિત** |
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |
| મો. ૯૭૨૬૪૭૫૮૮૪ | મો. ૯૮૨૪૪૭૯૯૪૪ | મો. ૯૪૨૭૩૨૨૯૮૯ |

## જ્ઞાતિમાં થયેલ વિવિધ કાર્યક્રમોની એક ઝલક...








શ્રી અ.વા.બ્રા. યુવક મંડળ દ્વારા આયોજીત
શ્રદ્ધાંજલિ કાર્યક્રમ તેમજ
વાલમ વર્તમાન આયોજીત
શ્લોક સ્તોત્ર સ્પર્ધાના ભાગ લીધેલ બાળકો
પ્રોત્સાહન ઈનામો લેતા






શ્રી ચુંવાળ વા.બ્રા.યુવક મંડળ આયોજીત સ્નેહ મિલન કાર્યક્રમ



વી.બી.પી.એલ. સીઝન ૧૧
નો શુભારંભ




શ્રી કડી વાલમ બ્રાહ્મણ યુવક મંડળ
દ્વારા આયોજીત
સ્નેહમિલન સમારંભ

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid up to 31-12-2026
Permitted to post at Ahmedabad PSO on 5th of every month



# નિમંત્રણ



## વાલમ બ્રાહ્મણ મહામંડળ
## ૬૦ મુ અધિવેશન

### ચરોતર ના આંગણે 'વાલમોત્સવ'

**પૂ. સંતરામ મહારાજ ની પવિત્ર ભૂમિ પર**

**જાન્યુઆરી ૧૧ ૨૦૨૬**

**રવિવાર, સવારે ૯:૦૦ કલાકે**

**સ્થળ :- આંબેડકર હોલ, કલેકટર બંગલાની બાજુમાં, પીજ રોડ, મુ. નડિયાદ**

**સર્વે વાલમ બ્રાહ્મણ જ્ઞાતિજનો ને પધારવા હાર્દિક નિમંત્રણ છે.**

**આપના આગમન ની રાહ જોઈએ છીએ.**

| નિમંત્રક | યજમાન |
|---|---|
| વાલમ બ્રાહ્મણ મહામંડળ | સમસ્ત ચરોતર વાલમ બ્રાહ્મણ સમાજ |

**જરૂર જણાવશો :** આપના પરિવાર માંથી સંમેલનમાં ઉપસ્થિત રહેનારની સંખ્યા અંગે નીચે જણાવેલ Whatsapp નંબર પર જાણ કરશો .

| નિલેશ શુક્લ | સંદીપ જોષી | રાકેશ પુરોહિત |
|---|---|---|
| ૯૮૨૪૪૮૯૯૧૦ | ૯૪૨૮૪૮૬૭૫૨ | ૯૪૨૬૦૪૨૧૧૦ |

Printed and Published by **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA** on behalf of **VALAM BRAHMAN MAHA MANDAL** and Printed at **First Icon Printers**, 413/8, Alka Shopping Centre, Shah-e-Alam Tolnaka, Ahmedabad-380028 and Published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad-380007.
Editor: **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA**

ખાસ નોંધ : મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી